સન્નારી



# પ્લાન્ટ્સથી રાખો ઘરને કુલ

વૈવિધ્ય



ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ઘરમાં ઠંડક કરવા માટે આપણે ઘણા પ્રયત્નો કરીએ છીએ પરંતુ જો તમારે કુદરતી રીતે ઘરમાં ઠંડક કરવી હોય તો કેટલાક હાઉસ પ્લાન્ટ્સ છે જે તમને એસી વગર સારી ઠંડક આપે છે. અત્યાર સુધી તમને હાઉસ પ્લાન્ટ્સ વિશે એવી જ ખબર હશે કે તે ઘર સુશોભન માટે ઘણા સારા હોય છે, તે આસપાસની હવાને ચોખ્ખી રાખે છે પરંતુ કેટલાક પ્લાન્ટ્સને ઘરમાં રાખવાથી તેના આર્થિક ફાયદાઓ પણ છે. તમે ઘરમાં પ્રાકૃતિક રીતે ઠંડક જાળવી રાખશો તો ગ્લોબલ વોર્મિંગ ઓછું કરવામાં પણ તમે ફાળો આપી શકશો.

ઘરમાં એક જ નહીં પણ એક જેવા ઘણા છોડ સાથે રાખવા જોઈએ જેથી તેઓ પોતાની આસપાસ એક ઇંકો સિસ્ટમ ઊભી કરે છે. તે ઘરમાં રહેલી ગરમ હવા પોતાનામાં લે છે અને ભેજ ઉમેરીને ઘરને ઠંડું રાખે છે. છોડની આ બાષ્પોત્સર્જનની પ્રક્રિયાને કારણે ઘરનું તાપમાન ૧૦ ડીગ્રી ઓછું થઈ શકે છે. તો, હવે જોઈએ એવા કયા છોડ છે જેને ઘરમાં રાખીને આપણે ઘરને કુલ બનાવી શકીએ છીએ.



## એલોવેરા

એલોવેરાનો છોડ લગભગ દરેક ઘરમાં એક મોટા વાસણમાં કે પોટમાં જોવા મળે છે. તેના અસંખ્ય ઔષધીય ફાયદાઓ છે તે ઉપરાંત હવામાંનાં ઝેરી તત્ત્વો અને ગરમીને દૂર કરીને ઓક્સિજન આપે છે. જ્યારે તમે છોડની મદદથી કુદરતી રીતે ઠંડી રહે તેવી જગ્યા બનાવવા માંગતાં હો તો આ છોડ પહેલી પસંદગી પામે છે.



## બેબી રબર પ્લાન્ટ

રબર પ્લાન્ટ વાતાવરણમાંથી ફક્ત કાર્બન ડાયોક્સાઈડ શોષી લેતો નથી પરંતુ તે ઔષધીય રીતે ઘણો લાભદાયી છે. તેમાં એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણો હોવાથી રેશીસ અને ઓરલ ઈન્ફ્લેમેશનમાં ખૂબ લાભદાયી છે. પર્યાવરણ માટે સજાગ લોકો આ છોડ ખાસ પસંદ કરે છે કારણ કે તે જે જ્યાં હોય ત્યાંની આસપાસના વાતાવરણમાંનું ઓક્સિજન લેવલ તે જાળવી રાખે છે અને ગરમીનું પ્રમાણ ઓછું કરે છે.

## ગોલ્ડન પોથોસ

મની પ્લાન્ટ્સ શ્રેષ્ઠ એર ફીલ્ટરીંગ પ્લાન્ટ્સમાંના એક છે. ગોલ્ડન પોથોસ એટલે કે મની પ્લાન્ટ્સ હવાનાં ઝેરી તત્ત્વોને દૂર કરે છે અને એવું પણ માનવામાં આવે છે કે ઘરમાં સદનસીબ અને સમૃદ્ધિ લાવે છે. મની પ્લાન્ટ હવાને શુદ્ધ કરે છે અને શુદ્ધ હવા હંમેશાં ઠંડી હોય છે.

## ફિક્સ ટ્રી

ઘરની અંદર ઘણાં ઓછા વૃક્ષ ઊગે છે જેમાંથી એક છે ફિક્સ ટ્રી. તેને વિપીંગ ફીગ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ છોડ તેની આસપાસની હવાને ભેજવાળી અને ઠંડી રાખવામાં મદદ કરે છે. કાળઝાળ ગરમીમાં દિવસ પસાર કર્યા બાદ ઘરમાં રહેલી તેની ઠંડક આનંદદાયી લાગે છે.



## સ્નેક પ્લાન્ટ

તાપમાન નીચું રાખવામાં મદદરૂપ થાય તેવા છોડમાં સ્નેક પ્લાન્ટનો પણ સમાવેશ થાય છે. સામાન્ય રીતે મોટા ભાગનાં ઘરોમાં તે જોવા મળે છે. ઓક્સિજનનું સ્તર નીચું રાખવા માટે જાણીતો આ છોડ લીવીંગ એરિયાને સુશોભિત કરવા માટે શ્રેષ્ઠ વિકલ્પ બની રહે છે. ક્યારેક ઉનાળાની ગરમીમાં તમારા ઘરનું તાપમાન વધી જશે પરંતુ આ છોડ એક સાથે વધારે સંખ્યામાં ઘરમાં રાખવાથી તે ઘરનું તાપમાન લાંબાગાળે ચોક્કસ ઓછું કરવામાં મદદરૂપ થશે. તો થઈ જાઓ તૈયાર, આ વર્ષે ઉનાળામાં ગરમીને માત આપવા માટે. લઈ આવો આ પ્લાન્ટ્સ અને રાખો ઘરને કુલ.

## એરેકા પામ



જો તમે તમારા ઘરમાં ઊંચા છોડ રાખવા માંગતા હો અને સાથે જ તેમનો મહત્તમ ફાયદો પણ લેવા માંગતાં હો તો એરેકા પામ એક શ્રેષ્ઠ વિકલ્પ છે. વાતાવરણમાં ઠંડક લાવવાની સાથે તે હવાનાં હાનિકારક તત્ત્વોને પણ દૂર કરે છે અને હવાની ગુણવત્તા સુધારે છે. આ છોડ હોટલ,ઓફિસ, ઘર કે જાહેર સ્થળોએ સુશોભન છોડ તરીકે ખૂબ જ સરળતાથી જોવા મળે છે.

## બોસ્ટન ફર્ન

બોસ્ટન ફર્ન અથવા નેફ્રોલેપિસ એક્સાલ્ટાટા ફર્ન દિવસ દરમિયાન પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા કરે છે. તે ઘરમાં સરળતાથી મળી આવતાં હાનિકારક પ્રદૂષકોને શોષી લે છે અને ઘરમાં ઉત્પન્ન થતી ગરમીને નિયંત્રિત રાખે છે. જો તમે ઘરને સુશોભિત કરવામાં કોઈ સમાધાન કરવા માંગતા નથી તો આ છોડ તમને ચોક્કસ ગમશે.